અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ), અધિનિયમ, ૧૯૮૯ના અસરકારક અમલ માટે રાજ્યકક્ષાનો સેમીનાર યોજવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ),
ઠરાવ ક્રમાંક:-જસલ/૩૫૯૦/૧૯/હ.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૬-૫-૯૨

**વંચાણે લીધો:-**

(૧) નિયામકશ્રી(સ.ક.)ખાતું, ગાંધીનગરનો તા. ૨૬-૬-૯૦ના પત્ર ક્રમાંક:-સક/સેલ/૨/સેમીનાર/૯૦-૯૧/૩૨૧૭.

**ઠ રા વ :-**

અનુ.જાતિ/જનજાતિ,(અત્યાચાર નિવારણ), અધિનિયમ, ૧૯૮૯ તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ની જાણકારી લોકોમાં વધુને વધુ થાય તથા તેની કામગીરી અસરકારક રીતે થઇ શકે તે સારુ રાજ્યકક્ષાના સેમીનાર યોજવા આમુખ-(૧) જણાવેલ પત્રથી નિયામકશ્રી (સ.ક.)ખાતા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ નાણા વિભાગના તા. ૨૮-૧૧-૯૧ના ઠરાવ ક્રમાંક: ખરચ/૧૦૯૧/૧૩૩૯/ઝેડ-૧ માં છૂટછાટ મૂકી ખાસ કિસ્સા તરીકે રાજ્ય કક્ષાનો સેમીનાર એક દિવસનો સેમીનાર યોજવા અંગે થનાર રૂ. ૪૦,૦૦૦/-(રૂપિયા ચાલીસ હજાર પુરા) સુધીનું ખર્ચ કરવાની મંજૂરી આપવાનું ઠરાવેલ છે.

આ અંગેનું ખર્ચ સન. ૧૯૯૨-૯૩ના વર્ષના અંદાજપત્રમાં બીસીકે-૬૨ હેઠળ કરવામાં આવેલ નાણાકીય જોગવાઇમાંથી મેળવવાનું રહેશે. આ સેમીનાર એક દિવસનો રાખવાનો રહેશે.

...૨...

નિયામક
સમાજ ...
ગુ. ... ગાંધી...

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગના તા. ૨-૫-૯૨ના નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( સે. પી. ભટ્ટ )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલ, યગાંધીનગર.
માનનીય સંસદીય સચિવશ્રી(સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા., અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડીટ ઓફિસર, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
નાણા વિભાગ.
સિલેકટ ફાઇલ.

પટેલ//૧૪૫૯૨/